૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,

## ગુજરાત રાજ્ય

વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/રાજકોટ/૨૭૫૫-૮૨/ તા૧૮/૪/૨૦૧૩

**વિષય:- પેન્શનરોના ઓળખપત્રો બાબત**

પરિપત્ર:-૩/૨૦૧૩

આથી તમામ શ્રેયાન/જિલ્લા/તિજોરી અધિકારીઓનુ ધ્યાન દોરતા જણાવવાનુ કે

- પેન્શનરોના ઓળખપત્રો નિયત નમુનામા જ ઈસ્યુ કરવા અંગે અત્રેના તા.૪/૧૨/૧૯૯૨ ના પરિપત્રથી નાણા વિભાગના તા.૧૫/૯/૧૯૯૨ ના પત્ર અન્વયે (નકલ સામેલ છે) સ્પષ્ટ સુચનાઓ આપેલ છે.જે અંગે અત્રેના તા.૨૦/૩/૨૦૧૩ ના પત્ર નં.હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/રાજકોટ/૧૫૬૧-૮૬ થી પણ સુચના આપવામા આવેલ છે.
- તેમ છતા કેટલાક પેન્શનર સમાજો દ્વારા ઈસ્યુ કરવામા આવતા ઓળખપત્રો નિયતનમુનામા ઈસ્યુ કરવામા નહી આવતા તેમા પેન્શનરની અન્ય અંગત માહિતી ઉમેરીને ઈસ્યુ કરવામા આવે છે.જે નિયમાનુસાર નહી હોવા છતા તિજોરી અધિકારીઓ દ્વારા આવા અલગ અલગ નમુનાના ઓળખપત્રો અધિકૃત કરી આપવામા આવે છે.
- આ અંગે પેન્શનર સમાજો દ્વારા મળેલ રજુઆતો ધ્યાને લેતા,રાજ્યની તમામ તિજોરી કચેરીઓ ખાતે પેન્શનરોના ઓળખપત્રો ઈસ્યુ કરવામા એકસુત્રતા જળવાય,તે માટે નાણા વિભાગના તા.૧૫/૯/૧૯૯૨ ના પત્ર તથા તા.૮/૬/૧૯૯૯ ના પત્રથી (નકલ સામેલ છે) કરેલ સ્પષ્ટતા મુજબ જણાવ્યા પ્રમાણેના નમુનામા હોય તેવા જ ઓળખપત્રો પેન્શનરની જન્મતારીખ અને પેન્શનર છેલ્લે ક્યા ખાતામાથી નિવૃત્ત થયેલ છે તેની વિગતો સાથે અધિકૃત કરવા અને તે મુજબની સુચનાઓ આપના જિલ્લાના/તાલુકાના પેન્શનર મંડળોને આપવા જણાવવામા આવે છે.

બિડાણ:-ઉપર મુજબ

નિયામક

પ્રતિ,

- શ્રેયાન/જિલ્લા/તિજોરીઅધિકારીશ્રી...............................
- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી(પેન્શન),હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ

સરદાર પટેલ ભવન, અંદાજપત્ર શાખા,
બ્લોક નં. ૪, ૮ મો માળ, સચિવાલય,
ગાંધીનગર.
તારીખ ૧૫-૯-૧૯૯૨.

*ગુજરાત સરકાર*
*નાણાં વિભાગ*
*નંબર પરચ-૫૯૯૧-૨૨૦૩-પી.ર.*

પ્રતિ,
શ્રી જે. પી. દફતરી,
નાયબ નિયામક,
હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
નવી સિવિલ હોસ્પિટલ, અસારવા,
અમદાવાદ-૩૮૦૦૧૬.

***વિષય :*** *પેન્શનરોને ઓળખપત્ર આપવા બાબત.*

મહાશય,

ઉપરોક્ત વિષય અંગેના આપના તા. ૨-૧-૯૨ના પત્ર ક્રમાંક : ડીએટી-ટીસી-ફા. ૧૨૬-૮૮ ના અનુસંધાનને જણાવવાનું કે, પેન્શનરોને ઓળખપત્રો આપવા બાબતની દરખાસ્ત પરત્વે સરકારે નીચે પ્રમાણેનો નિર્ણય કરેલ છે.

(૧) ઓળખપત્રો પેન્શનર સમાજે બારોબાર પેન્શનરને આપવાના રહેશે.

(૨) ઓખળપત્રની તમામ વિગતો પેન્શનર સમાજે ભરવાની રહેશે.

(૩) પેન્શનર સમાજ દ્વારા પેન્શનરોને તબક્કાવાર ઓળખપત્ર ઈસ્યુ કરવાની કામગીરી કરવાની રહેશે.

(૪) બેન્ક મારફત પેન્શન મેળવનારાઓના કિસ્સામાં તેમજ તિજોરી/પેટા-તિજોરી મારફત પેન્શન મેળવનારાઓના કિસ્સામાં સંબંધિત તિજોરી/પેટા-તિજોરી અધિકારીએ ઓળખપત્ર અધિકૃત કરી આપવાનું રહેશે.

(૫) ઓળખપત્રની અધિકૃતીની કામગીરી દરેક મહિનાની તા. ૧૧મી થી ૨૦ (અગીયારથી વીસ તારીખ) દરમિયાન ૩ થી ૫ (ત્રણ થી પાંચ દરમ્યાન) સમય વચ્ચે કરવાની રહેશે.

(૬) ઓળખપત્ર ખોવાઈ જવા, ફાટી જવાના પ્રસંગોએ ડૂપ્લીકેટ ઓળખપત્ર પેન્શનર સમાજ પાસેથી મેળવીને તિજોરી/પેટા-તિજોરી કચેરીમાં અરજી સાથે રજુ કરવાનું રહેશે. ગુમ થયેલ ઓળખપત્ર મળી આવે તો તે તિજોરી/પેટા-તિજોરીને પરત કરવાનું રહેશે તેવી બાંહેધરી આપવાની રહેશે.

(૭) ઓળખપત્રના નમૂનામાં ''ગુજરાત પેન્શનર સમાજના સૌજન્યથી સરકારશ્રીએ મંજર કર્યા પ્રમાણે'' તે શબ્દો તેમજ પેન્શનરની જન્મ તારીખ અને નિવૃત્તિ સમયેની કક્ષા વિગતો છાપવાની આવશ્યકતા નથી.

(૮) અધિકૃતાની સહી/સિક્કા પેન્શનરના ફોટા ઉપર કરવી.

આપનો વિશ્વાસુ,

સહી/-
***(એસ. બી. ચૌહાણ)***
સેકશન અધિકારી,
નાણાં વિભાગ.

## પેન્શનર ઓળખપત્ર

ફોટો
પાસપોર્ટ સાઈઝ

નામ : ____________________

પેન્શનરની સહી : ____________________

અધિકૃત પ્રતિ સહી : ____________________

સહી/સિક્કો

**પાછળની સાઈડ**

પી.પી.ઓ. નંબર : ____________________

નિર્વૃત્તિની તારીખ : ____________________

નિર્વૃત્તિ સમયનું ખાતું : ____________________

અગર કચેરીનું નામ : ____________________

પેન્શનરનું સરનામું : ____________________

ટેલીફોન નંબર : ____________________

*પરિપત્ર ક્રમાંક : ૨૬/૧૯૯૨ ડીએટી/ટીસી/ફા. ૧૨૬/પેન્શનર ઓળખપત્ર/૭૪૭, તા. ૪-૧૨-૯૨.*

આથી તમામ શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ તથા પેટા તિજોરી અધિકારીઓને જણાવવાનું કે, સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૧૫-૯-'૯૨ના પત્ર ક્રમાંક : પરચ/૫૬૯૧/૨૨૦૩/પી-૨, (નકલ સામેલ છે.) થી રાજ્ય સરકારના પેન્શનરોને ઓળખપત્ર આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. પેન્શનરોને ઓળખપત્ર પુરા પાડવા બાબતે તથા અધિકૃત કરવા બાબતે નીચે મુજબની વિગતવાર સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) નિયત નમૂના મુજબના ઓળખપત્રો ગુજરાત પેન્શનર સમાજે બારોબાર પેન્શનરને આપવાના રહેશે. ઓળખપત્રનો નિયત નમૂનો આ સાથે સામેલ છે.

(૨) ઓળખપત્રની તમામ વિગતો પેન્શનર સમાજે ભરવાની રહેશે.

(૩) પેન્શનર સમાજ દ્વારા પેન્શનરોને તબક્કાવાર ઓળખપત્ર ઈસ્યુ કરવાની કામગીરી કરવાની રહેશે.

(૪) બેંક મારફતે પેન્શન મેળવતાં પેન્શનરોના કિસ્સામાં તેમજ તિજોરી/પેટા-તિજોરી મારફત પેન્શન મેળવતાં પેન્શનરોના કિસ્સામાં સંબંધિત તિજોરી/પેટા-તિજોરી અધિકારીએ સંબંધિત રેકર્ડ પરથી ચકાસણી કરીને ઓળખપત્ર અધિકૃત કરી આપવાનું રહેશે. વધુમાં ઓળખપત્રમાં અધિકૃતતાની સહી તથા સિક્કા પેન્શનરના ફોટા પર કરવાના રહેશે.

(૫) ઓળખપત્ર ખોવાઈ જવા અથવા ફાટી જવાના પ્રસંગોએ પેન્શનરે ડુપ્લીકેટ ઓળખપત્ર તમામ વિગતો ભરાવીને પેન્શનર સમાજ પાસેથી મેળવીને તિજોરી/પેટા-તિજોરી કચેરીમાં અરજી સાથે રજૂ કરવાનું રહેશે. વધુમાં ગુમ થયેલ ઓળખપત્ર મળી આવે તો તે તિજોરી/પેટા-તિજોરી કચેરીને પરત કરવામાં આવશે તે મતલબનું બાહેંધરી પત્ર પણ પેન્શનર પાસેથી અરજી સાથે જ મેળવી લેવાનું રહેશે. તે જ પ્રમાણે જો પેન્શનરે ફાટી ગયેલ ઓળખપત્રના બદલે ડુપ્લીકેટ ઓળખપત્ર આપવા માંગણી કરેલ હોય તો આવું ફાટી ગયેલ ઓળખપત્ર પણ તિજોરી/પેટા-તિજોરી અધિકારીએ પરત મેળવી લેવાનું રહેશે.

(૬) પેન્શનરને ઓળખપત્ર આપ્યા બદલની સંબંધિત પેન્શનરના પેન્શન પેમેન્ટ ઓર્ડરમાં ઓળખપત્ર આપ્યું એ પ્રમાણે નોંધ કરીને અધિકારીએ સહી કરવાની રહેશે.

(૭) જિલ્લા તિજોરી અધિકારી/પેટા-તિજોરી અધિકારીએ ઓળખપત્રની અધિકૃતીની કામગીરી દરેક મહિનાની તા. ૧૧મી થી ૨૦ (અગિયાર થી વીસ તારીખ) દરમ્યાન બપોરના ૩ થી ૫ (ત્રણ થી પાંચ દરમ્યાન) ના સમય વચ્ચે કરવાની રહેશે.

આથી તમામ શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ તથા પેટા તિજોરી અધિકારીઓને પેન્શનરોના ઓળખપત્રની અધિકૃતીની કામગીરી કરવા અંગે ઉપર મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા સૂચના આપવામાં આવે છે.

શામજી પટેલ
અધ્યક્ષ
પેન્શન તકેદારી સમિતિ અને
સંયુક્ત સચિવ (પેન્શન)

ક્રમાંક: પરચ/૫૬૯૧/૨૨૦૩/પ.૨

Government of Gujarat
Finance Department
Sachivalaya Complex, - Sardar Bhavan
Block-4, 7th Floor,
Gandhinagar-382 010.
નાણા વિભાગ
સચિવાલય સંકુલ, સરદાર ભવન,
બ્લોક નં. ૪, ગાંધીનગર.
નાણા વિભાગ
સચિવાલય સંકુલ, સરદાર ભવન,
બ્લોક નં. ૪, ૭મો માળ,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
ફોન નંબર : ૨૦૧૦૯
૬૩૭૯

તા: ૮/૬/૯૯.

પ્રતિ,
શ્રી ડી. જે. શુકલ,
પ્રમુખશ્રી, ગુજરાત પેન્શનર સમાજ,
'આવિષ્કાર' પટેલવાસ, માદલપુર,
વી. એસ. હોસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ.

વિષય:: પેન્શનરોને ઓળખપત્ર આપવા અંગે.

ઉપરોકત વિષયનો આપનો તા. ૮/૫/૯૯ નો છેલ્લો પત્ર સરકારને મળેલ છે. આ બાબતમાં આપશ્રી સાથે રુબરમાં ચર્ચા થયા મુજબ પેન્શનરોના ઓળખપત્રમાં જન્મતારીખ તેમજ પેન્શનર છેલ્લે કયા ખાતામાંથી નિવૃત થયેલ તેની વિગતો ઓળખપત્રમાં ઉમેરી આપવા માટે અત્રેથી નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, અમદાવાદને જરુરી સુચનાઓ આપવામાં આવી છે. તેની એક નકલ આપની જાણ સારું સામેલ રાખેલ છે.

આપશ્રીને વિનંતી છે કે, આ પત્રમાં જણાવ્યા મુજબની હકીકતો આપના માસિક પત્રમાં પણ વિગતોથી પ્રસિધ્ધ કરવા વિનંતી છે. સાથોસાથ પેન્શનર ભાઈ-બહેનો પણ તિજોરી કચેરીની રોજીંદી કામગીરીમાં વિક્ષેપ ન પડે તે રીતે/ તેમના દ્વારા જે સમય નિયુકત કરવામાં આવે તે સમયમાં જ ઓળખપત્ર રજુ કરીને એન્ટ્રી કરાવે તેવી પણ પેન્શનર ભાઈ- બહેનોને સમજ આપવા વિનંતી છે

//૨//

આશા છે કે, આપની સંસ્થાની છેલ્લા ઘણા સમયથી પડતર આ માગણીનો સાનુકૂળ અંત આવતાં આપને આનંદ થયો હશે.

[illegible]

આપનો

(શામજી પટેલ)